**IN THE TALUKA COURT AT VISNAGAR**

**REGULAR CIVIL SUIT NO. 44 OF 2011.**

RCS/44/2011

**Plaintiff :**

**1.** PATEL MOHANDAS AMICHANDDAS
LACHCHADI
lachhadi

**VERSUS**

**Defendant :**

1. RABARI SHAHARBHAI MAIJIJI
LACHCHADI
LACHCHADI

2. THAKOR BECHARJI MOHANJI
LACHCHADI
LACHCHADI

Appearance:
V.K.PRAJAPATI For Plaintiff 1

J.S.CHAUDHARI For Defendant 1
I.J.VAGHELA For Defendant 2

---

<u>દિવાની મુકદ્દમા નંબર ૪</u>

<u>૪/૧૧</u>

## <u>આંક ૫ ની અરજી તળે હુકમ.</u>

(૧) વાદીઓની હાલની અરજીની હકીકત ટુંકમાં એવી છે કે,આ કામના વાદીએ મોજે લાછડી,તા.વિસનગરની સીમમાં આવેલ રે.સ.નં.૨૩૮ પૈકીની દક્ષિણ બાજુની અડધી જમીન હે.આરે.ચો.મી.૦.૨૧.૪૧ ની આ કામના પ્રતિવાદી નંબર ૨/૧ થી ૨/૬ ના મૈયત પિતાશ્રી પ્રતિ વાદી નંબર ૨ પાસેથી તા.૧૬/૬/૮૦ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ નંબર ૭૪૮ થી તારીખ ૧૬/૬/૧૯૮૦ ના રોજ સબ રજીસ્ટ્રારશ્રીની કચેરી,વિસનગરમાં રજીસ્ટર્ડ થયેલ દસ્તાવેજથી ખરીદ કરેલ છે અને તેનો કબજો વાદી પાસે છે અને તેઓ તેમાં ખેતી કરતા આવેલા છે અને હાલમાં મોહનભાઈના બોરમાંથી પિયત કરીને ઘઉંનુ વાવેતર કરેલ છે અને પાક તૈયાર થઈ જવા આવેલો છે. આ હકીકત હોવા છતાં આ કામના પ્રતિવાદી નંબર ૨ નાએ સદર દસ્તાવેજ કરી આપ્યા બાદ અને ખેતરનો કબજો વાદીને સોપી આપ્યા બાદ ખેતરની કિંમતમાં વધારો થતા પ્રતિવાદી નંબર ૨/૧ થી ૨/૬ નાઓએ તેમજ પ્રતિવાદી નંબર ૧નાએ ભેગા મળીને સદર ખેતર પ્રતિવાદી નંબર ૧ નાઓને ગેરકાયદેસર રીતે તા.૧૯–૨–૦૭ ના રોજ રજી.દસ્તાવેજથી અનુક્રમ નંબર ૮૪૫ થી રૂા.૪૧,૩૦૦/–માં વેચાણ આપેલ છે અને તે રીતે પ્રતિવાદી નંબર ૧ નાએ વાદીને સદર ખેતર ખાલી કરીને સોપી આપવા તેમજ ખેતરમાં પગ નહી મુકવા ધાક ધમકી આપતા વાદીએ હાલનો આ દાવો દાખલ કરીને તે લગત હાલની આ અરજી આપી તેઓનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું જણાવી,બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓની તરફેણમાં હોવાનુ અને જો માંગણી મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે નહી તો તેઓને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવું પારાવાર નુકશાન થાય તેમ હોવાનું જણાવી આ દાવાનો આખરી નિકાલ આવે નહી

ત્યાં સુધી મોજે ગામ લાછડી તા.વિસનગરના સર્વે નંબર ૨૩૮ પૈકીની દક્ષિણ ભાગની અડધી જમીન હે.આરે.ચો.મી.૦–૨૧–૪૧ ની કે જે વાદીના શાંત પ્રત્યક્ષ માલીકી કબજા ભોગવટામાં છે તેમા પ્રતિવાદીઓ કે તેમના માણસો,નોકરો,એજન્ટો કે કુલમુખત્યારો હરકત હેલો કરે કરાવે નહી કે તેમનો કબજો પડાવી લે નહી કે કોઈ જાતનો અંતરાય કરે કરાવે નહી કે વાદીને ખેતી કરતા રોકે રોકાવે નહી તેવો કામ ચલાઉ મનાઈ હુકમ આપવા તથા પ્રતિ વાદીઓ સદર મિલકત કોઈને વેચે વેચાવે નહી કે હેતુ ફેર કે બોજો,ચાર્જ ઉભો કરે કરાવે નહી કે બીજા કોઈ ઈસમને ગીરો,બક્ષીસ કે અન્ય રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી તેવો આ દાવાના આખરી નીકાલ સુધી કામ ચલાઉ મનાઈ હુકમ આપવા વિનંતી કરેલી છે.

(૨) પ્રતિવાદીઓને આ અરજીની કારણ દર્શક નોટીસ મળી જતા પ્રતિવાદીઓ પૈકી પ્ર તિવાદી નંબર ૧ તરફે આંક ૨૩ થી પોતાનો લેખિત જવાબ રજુ કરી વાદીના દાવાની તથા મનાઈ હુકમની અરજીનો ઈન્કાર કરી વાદીના દાવાને મુદતનો બાધ નડતો હોવાનું જણાવી વાદીએ ત્રણ વર્ષની સમય મર્યાદામાં દાવો દાખલ કરેલ નહી હોવાનું જણાવી ખરી હકીકતે જણાવેલ છે કે,તેઓ પ્રતિવાદી નંબર ૧ નાઓને પ્રતિવાદી નંબર ૨ ના મૈયતના વારસદારો એ સદર મિલકત તા.૧ ૨–૪–૨૦૦૭ ના રોજ રજી.દસ્તાવેજ અનુક્રમ નંબર ૮૪૫ થી રુા.૪૧,૩૦૦/– રોકડા સ્વિકારીને વેચાણ આપેલ છે અને તે દસ્તાવેજ આધારે પ્રતિવાદી નંબર ૧ ના નામની રેવન્યુ રેકર્ડમાં હકકની નોંધ વગેરે પડેલ છે અને ખેડુત ખાતા નંબર ૧૪૫ થી સદર મિલકતના પ્રતિવાદી નંબર ૧ માલીક થયેલ છે અને તે રીતે પ્રતિવાદી નંબર ૧ નો કબજો ભોગવટો છે.જયારે વાદીએ ત્રણ વર્ષના સમયગાળામાં પણ કોઈ તકરાર લીધેલી નથી અને ૨૦ વર્ષ થી પ્ર તિવાદી નંબર ૨ ના મૈયત થયા તે પહેલાથી માલીકી હકક ધરાવતા હતા અને તેઓ વાવેતર કરતા હતા અને તે રીતે ખેડનાર તરીકે અને ખેતરની ઉપજમાંથી તેઓ બેચરજી મોહનજી ઠાકોરને ખેતરની ગણોતીયાની રકમ ચુકવતા હતા. અને પ્રતિવાદી નંબર ૧ને પ્રતિવાદી નંબર ૨/૧ થી ૨/૬ નાઓએ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે અને વીસ વર્ષથી તેઓનો કબજો છે અને પ્રતિવાદી નંબર ૨ નાએ જો તેઓની હયાતીમાં સદર મિલકત વેચાણ લીધેલી હોત તો તેઓની હયાતીમાં કબજો ભોગવટો મેળવવા પ્રયત્ન કરેલ હોત પરંતુ વાદીએ ખોટો અને બનાવટી દસ્તાવેજ ઉભો કરેલો છે અને પ્રતિવાદીની માલીકી કબજા ભોગવટાની રેવન્યુ રેકર્ડમાં નોંધ પડયા બાદ ત્રણ વર્ષ પછી હાલનો આ દાવો દાખલ કરેલો છે અને તે રીતે આ દાવો માનવાને પાત્ર રહેતો નથી.આમ વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી.બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદી નંબર ૧ ની તરફેણમાં છે અને જો વાદીને માંગણી મુજબનો મનાઈ હુકમ આપવામાં આવેતો

તેમને નુકશાન થાય તેમ હોવાનું જણાવી વાદીની આંક ૫ની કામચલાઉ મનાઈ હુકમની અરજી ખર્ચ સહ રદ કરવા વિનંતી કરેલી છે.

(૩) જયારે પ્રતિવાદી નંબર ૨/૧ થી ૨/૬ નાઓએ હાજર થઈ આંક ૨૮ થી વાદીના દાવા તથા કામ ચલાઉ મનાઈ હુકમની અરજીનો લેખિત જવાબ રજુ કરેલ છે અને વાદીના દાવા તથા કામ ચલાઉ મનાઈ હુકમની અરજીની તમામ હકીકતોનો ઈન્કાર કરી તેઓને હેરાન કરવા સારુ અને ગેરકાયદેસર રીતે ખેતરનો કબજો પડાવી લેવા માટે હાલનો આ દાવો કરેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં વાદી અને પ્રતિવાદી નંબર ૧ એ એકબીજાના મેળાણીપણામાં તેઓની જમીન પડાવી લેવા હાલનો દાવો કરેલ હોવાનું જણાવી પ્રતિવાદી નંબર ૧ને સદર ખેતર વેચાણ આપેલ હોવાની હકીકતનો પણ ઈન્કાર કરેલ છે અને પ્રતિવાદી નંબર ૧નાઓને સદર ખેતર ગીરો આપેલ હોઈ તે અંગે ગીરોખતની નોંધણી કરાવવા બાબતે જણાવી તેઓની સદર મિલકતન તેઓની જાણ બહાર વેચાણ દર્સ્તાવેજ કરાવી લીધેલ છે અને તે અંગેની હકીકત તેઓને હાલના દાવાથી જાણવા મળેલ છે આ તમામ હકીકત જણાવી જો સદર મિલકત તેમની પડાવી લેવામાં આવે તો તેઓને પારાવાર નુકશાન થાય તેમ હોવાથી અને હાલમાં પ્રતિવાદી નંબર ૨ ના વાસરદારો ખેતી કરી ઉપજ મેળવતા હોવાનું જણાવી સદર દાવો રદ કરવા માંગણી કરેલી છે.

(૪) આ કામે વાદીઓએ આંક ૩૪ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે અને પ્રતિ વાદીઓના જવાબની હકીકતનો ઈન્કાર કરી તેઓની મનાઈ હુકમની અરજીની હકીકતને વળગી રહેલા છે.

(૫) આ કામે વાદી તરફે પોતાના કેસના સમર્થનમાં માર્ક ૪/૧ થી ૪/૧૦,૪૧/૧ થી તથા ૪૬/૧ થી ૪૬/૩ ના રજુ કરેલ દસ્તાવેજી પુરાવાને ઘ્યાને લેવામાં આવેલ છે અને પ્રતિવાદી નંબર ૧ તરફે માર્ક ૨૪/૧ થી ૨૪/૧૪, ૪૫/૧ થી ૪૫/૩ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને ઘ્યાને લેવામાં આવેલ છે.ત્યારબાદ વાદી તરફે વિદવાન વકીલશ્રી કે.વી.પ્રજાપતિ અને પ્રતિવાદી નંબર ૧ તરફે વિદવાન વકીલશ્રી જે.એસ.ચૌધરીની અને પ્રતિવાદી નંબર ૨/૧ થી ૨/૬ તરફે વિદવાન વકીલશ્રી આઈ.જે.વાઘેલાની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ઉપરોકત હકીકતો અને સંજોગો ઘ્યાને રાખતા આ કામના ન્યાયિક નિર્ણય

માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદી સાબીત કરે છે કે તેઓનો પ્રથમ દર્શની કેસ છે ?

(૨) શું વાદી સાબીત કરે છે કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓની તરફેણમાં છે?

(૩) શું વાદી સાબીત કરે છે કે જો તેઓની માંગણી મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે નહી તો તેઓને નાણાંમા વળતર ન મળી શકે તેવું નુકશાન થાય તેમ છે ?

(૪) શું આખરી હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) અંશતઃહકારમાં.

(૨) અંશતઃ હકારમાં.

(૩) અંશતઃ હકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

**(( કા ર ણો ))**

**મુદ્દા નંબર ૧ થી ૩ :–**

(૮) સદર ત્રણેય મુદ્દાઓ એક બીજા સાથે સંકળાયેલા હોઈ હકીકતો તથા પુરાવાઓનું અવાર નવાર પુનરાવર્તન અટકાવવાના શુભ આશયથી ત્રણેય મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૯) વાદીએ નિશાની ૪/૧ વાળો દસ્તાવેજ રજુ કરી જણાવેલ છે કે, મોજે લાછડી ગામ,તા.વિસનગર,જી.મહેસાણાની સીમમાં આવેલ ખેતીની જમીન સર્વે નંબર ૨૩૮ પૈકીદક્ષિણ બાજુમાં અડધા ભાગની જમીન હેકટર આરે ચો.મી. ૦.૨૧ મીટર, આકાર ૦.૬૬ પૈસા વાળુ ખેતર ઉત્તર વાળુ આ કામના પ્રતિવાદી નંબર ૨/૧ થી ૨/૩ ના મૈયત પિતાશ્રી બેચરજી મોહનજી ઠાકોર પાસેથી તા.૧૬–૬–૮૦ ના રોજ રુા.૧૫૦૦/– ના અવેજથી ખરીદેલ છે અને મિલકતનો કબજો ભોગવટો મેળવેલ અને ત્યારથી તેઓ ખેતી કરી રહેલ છે અને પ્રતિવાદી નંબર ૨/૧ થી ૨/૬ નાઓ તેમના પિતાના મૃત્યુ બાદ દાવા વાળી મિલકત અવેજથી તા.૧૨–૨–૦૭ના રોજ લખાવેલ દસ્તાવેજ તા.૧૨–૪–૦૭ ના રોજ પ્રતિાદી નંબર ૧ ને વેચાણ આપેલ છે જે સબ રજીસ્ટ્રાર કચેરી, વિસનગર ખાતે નોંધણી કરેલ છે અને તેની જાણ તેમને એકાદ અઠવાડીયા પર પ્રતિવાદી નંબર ૧ નાએ ધાક ધમકી આપી મિલકત ખાલી કરાવવા કહેતા ત્યારથી થયેલ.

(૧૦) પ્રતિવાદી નંબર ૨ નાએ આંક ૨૮ થી જવાબ રજુ કરી તેમાં તેમને વાદીની તરફેણમાં કરેલ દસ્તાવેજ અંગે કોઈ તકરાર લીધેલ નથી અને પ્રતિવાદી નંબર ૨ ને તેઓએ ગીરો ખેતર આપેલઈ અને પ્રતિવાદી નંબર ૧ નાએ છેતરપીડીથી તેમની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરી લીધેલ હોવાનો આક્ષેપ કરેલ છે પરંતુ તેમને દાવા વાળી મિલકતનો કબજો ભોગવટો પોતાનો હોવાનું દર્શાવવા કોઈ યોગ્ય પુરાવો રજુ કરેલ નથી.

(૧૧) આ કામે પ્રતિવાદી નંબર ૧ તથા ૨/૧ થી ૨/૬ નાઓએ જવાબ રજુ કરી વાદીની હકીકતનો ઈન્કાર કરેલ છે અને પ્રતિવાદી નંબર ૧ ના તકરારી ખેતરમાં છેલ્લા ૨૦ વર્ષથી વાવેતર કરતા હોવાનું જણાવેલ છે અને ખેતરની ઉપજમાંથી બેચરજી મોહનજી ઠાકોરને ખેતરની ગણોતની રકમ ચુકવતા હતા અને ત્યારબાદ તેઓ મૈયત થતા તેમના વારસો પ્રતિવદી નંબર ૨/૧ થી ૨/૬ નાએ પ્રતિવાદી નંબર ૧ નાએ તકરારી મિલકત વેચાણ આપેલ જે વાદીએ તે વેચાણ દસ્તાવેજ માર્ક ૪/૭ થી રજુ કરેલ છે તથા તકરારી મિલકતનો જમીન મહેસુલ તથા શિક્ષણ ઉપકર પ્રતિવાદી નંબર ૧ ભરતા આવેલ જેના પુરાવા રુપે તેમને નિશાની ૨૪/૧ થી નીશાની ૨૪/૭ ની પહોચો રજુ રાખેલ છે જે સને ૨૦૦૮ થી ૨૦૧૧ સુધીની છે તથા ખાતા નંબર ૧૦૬૦ જેમાં સર્વે નંબર ૨૩૮ પૈકી ૧ દર્શાવેલ જમીન આરોગ્ય પત્રક ખેતીવાળા ખાતુ ગુજરાત રાજયનું પત્રકની નકલ માર્ક ૨૪/૮ થી રજુ છે તથા માર્ક ૨૪/૯ થી ૨૪/૧૩ ના રેવન્યુ રેકર્ડ રજુ છે જેમાં પ્રતિવાદી નબંર ૧ નાનું નામ તકરારી મિલકતમાં દર્શાવેલ છે અને પાણી પત્રકમાં કબજેદાર ખેડુત તરીકે રબારી શાહરભાઈ મેઘજીભાઈ પ્રતિવાદી નંબર ૧ નું તા.૨૭–૧૨–૧૦ ના તારીખના રોજનું જણાઈ આવે છે. પ્રતિવાદી નંબર ૧ તરફે વધુ દસ્તાવેજો આંક ૩૯ ના લીસ્ટથી રજુ છે જેના પણ રેવન્યુ રેકર્ડ તથા તલાટીનું પંચનામું રજુ છે જે નિશાની ૩૯/૧ થી રજુ છે જેનો પ્રતિ વાદી નંબર ૧ નાએ ચોમાસુ પાક એરંડા નો લીધેલ છે અને જમીન પિયત છે અને પ્રતિવાદી નંબર ૧ ખેતી કરતા હોવાનું દર્શાવેલ છે.

(૧૨) આમ,તકરારી મિલકતમાં હાલ પ્રતિવાદી નંબર ૧ નો કબજો ભોગવટો હોવાનું પ્ર થમ દર્શનીય રીતે જણાઈ આવે છે અને પ્રતિવાદી નંબર ૧તરફે વધુમાં તેવી તકરાર લેવામાં આવેલ છે કે, સદર દાવા વાળી જમીનને ટુકડા ધારાનો બાધ નડતો હોઈ તે તબદીલીને પાત્ર ન હો હાલના વાદીની તરફેણમાં થયેલ નીશાની ૪/૧ વાળો વેચાણ દસ્તાવેજ રદ બાતલ છે અને તે સમયે તકરારી મિલકત તબદીલીને પાત્ર હતી જ નહી તેથી વાદીનો કોઈ પ્રાઈમાફેસી કેસ નથી

પરંતુ તે મુજબની તેઓને મૌખિક દલીલ મુજબનું કોઈ પ્લિડીગ રેકર્ડ ઉપર નથી અને જેતે સમયે તકરારી મિલકત તબદીલીને પાત્ર ન હતી તે માટે યોગ્ય પુરાવો લેવો જરુરી બને છે અને પ્ર તિવાદી તરફની વધુ તકરાર કે તકરારી મિલકત સંયુકત નામે ચાલતી હતી તેથી જ મિલકત તબદીલ થઈ શકે નહી તે બાબતે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ ૪૪ તથા કલમ ૪૫ વંચાણે લેતા સહ માલીક પોતાના ભાગે આવતી મિલકત ટ્રાન્સફર કરી શકે છે તેમજ વાદીની તકરારી મિલકત પરત્વેનો દસ્તાવેજ પ્રતિવાદીની તરફેણમાં થયેલ દસ્તાવેજ કરતા અગાઉનો છે તે નિર્વિવાદ હકીકત છે અને તે બાબતે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ ૪૮ ની જોગવાઈ મુજબ અગાઉના ટ્રાન્સફરીની તરફેણમાં થયેલ વિષય વસ્તુનો હકક પ્રર્વતમાન માલીકીના હકક પહેલા ધ્યાને લેવા પાત્ર છે અને હાલના પ્રતિવાદી નંબર ૧ તરફે તકરારી મિલકત કોઈ ખામી યુકત માલીકી હકક વાળી છે કે કેમ ? તે બાબતે કોઈ ખાતરી કે તપાસ કરેલ હોવા બાબતની હકીકત જણાઈ આવતી નથીઅને તેઓ શુધ્ધ બુધ્ધિથી મિલકત ખરીદનાર હતા કે કેમ તે બાબત પુરાવાનો વિષય છે.જેથી ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તકારરી મિલકત બાબતે પ્રતિવાદી નંબર ૧ નો કબજો ભોગવટો પ્રથમ દર્શનીય હોવાનું જણાઈ આવે છે પરંતુ હાલના વાદીનો તકરારી મિલકતનો દસ્તાવેજ અગાઉનો હોઈ તેથી મુદ્દા નંબર ૧ નો જવાબ અંશતઃ હકારમાં ઠરાવવામાં આવે છે તથા સગવડતા અગવડતાનું પલ્લુ તેમજ નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું પારાવાર નુકશાન હાલના તબકકે વાદી અને પ્રતિવાદી નંબર ૧ નાઓની તરફેણમાં હોઈ મુદ્દા નંબર ૨ અને ૩ નો જવાબ પણ અંશતઃહકારમાં ઠરાવવામાં આવે છે અને ન્યાયના હિતમાં મુદ્દા નંબર ૪ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

– વાદીની હાલની આંક ૫ ની કામચલાઉ મનાઈ હુકમની અરજી આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.વાદીના તકરારી મિલકત પરનો કબજો ભોગવટો હોવાની હકીકત પુરતી વાદીની આંક ૫ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

– વધુમાં સદર દાવાનો આખરી નિકાલ આવતા સુધી આ કામના પ્રતિવાદી ઓએ દાવાવાળી મોજે લાછડી,તા.વિસનગરની સીમમાં આવેલ રે.સ.નં.૨૩૮ પૈકીની દક્ષિણ બાજુની અડધી જમીન હે.આરે.ચો.મી.૦.૨૧.૪૧ ની તકરારી મિલકત બીજા કોઈને વચાણ કરે કરોવ નહી,હેતુ ફેર કરે કરાવે નહી કે બોજો કે ચાર્જ ઉભો કરે કરાવે નહી કે બીજા કોઈ

ઈસમને ગીરો,બક્ષીસ કે અન્ય રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી તેવો કામ ચલાઉ મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

– સદર અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે

– ઉપરોકત હુકમ આજ તારીખ ૨૨ માહે જાન્યુઆરી સને ૨૦૧૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨–૧–૨૦૧૫
વિસનગર.

(પ્રકાશચંન્દ્ર ઈશ્વરભાઈ પ્રજાપતિ)
CODE-GJ00868
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વિસનગર.